


ટીયાનાના
જીવનમાં
યુ-ટર્ન
'અથડામણ ટાળો -
કોમનસેન્સ વધારો'



જમ્મી તો ડાહી થઈ ગઈ. હવે ટીયાના કોની સાથે તોફાન કરે ? આખરે એને એક દિવસ મસ્તી કરવા માટે કોઈક મળી જ ગયું. ચાલો જોઈએ કોણ છે એ !



આ છે વુબહર્ટ. મોટું પેટ્રોલ ટેન્કર.





એક સાંજે એને ખૂબ ભૂખ લાગી હતી. ઘરે જતા રસ્તામાં એણે પેટ્રોલ પમ્પ જોયું.

ગેસ ભરાવવા એ લાઈનમાં ઊભું રહ્યું. ત્યાં તો ટીચાના પણ પેટ્રોલ ભરાવવા આવી અને વુબહર્ટની પાછળ ઊભી રહી. પણ ટીચાનાને મસ્તી વગર ચાલે ?






પુબહર્ટને ભૂખના કારણે માથું દુઃખતુ હતુ. એમાં ટીયાનાએ એને 'ટેક્સી' કહી એટલે એનો પિત્તો ગયો. એ થોડું પાછળ ગયું અને ટીયાનાને ધીમેથી અથડાયું.






આમ બંને વાહનો ઝઘડી પડ્યા. બધા વાહનોએ ટીચાનાને ચેતવી પણ એ માની નહીં.





બંને વાહનો એકબીજા સાથે જોર જોરથી અથડાવા લાગ્યા. ટીચાનાની હેડ લાઈટ તૂટી ગઈ. એને ઘણી જગ્યાએ ઈજા થઈ. એ વુબહર્ટનું કંઈ બગાડી ન શકી.




એ બૂમાબૂમ કરવા લાગી. ત્યાં ઉભેલા બધા વુબહર્ટને શાંત થઈ જવાનું કહેતા હતા પણ એ સાંભળતો ન હતો.


ત્યાં જીમ્મી આવી. એણે આ જોયું. એણે તરત વુબહર્ટને કહ્યું, ‘‘દોસ્ત, કોઈને હેરાન કરી આનંદ લેવો એય બહાદુરી નથી અને નબળાને કચડવું એય બહાદુરી નથી. કોઈ પણ સંજોગોમાં આપણે આનંદમાં રહી શકીએ એ બહાદુરી છે. હવે કહો કોણ બહાદુર છે ?’’

આ સાંભળી વુબહર્ટ તરત અટકી ગયો. 'સોરી' કહી એ ચૂપચાપ ત્યાંથી ચાલ્યો ગયો.



બધા જીમ્મીને ઝઘડો અટકાવવાની એની સૂઝ પર શાબાશી આપવા લાગ્યા. એણે કેટલાકને ટીયાનાને અંકલ હેનરીના ગેરેજમાં લઈ જવા મદદ કરવા કહ્યું. બધા જીમ્મીના કહ્યા પ્રમાણે કરવા લાગ્યા.

ટીયાના અંકલ હેનરીના ગેરેજમાં પહોંચી. એને બહુ વાગ્યુ હતું. જીમ્મીએ અંકલને ટીયાનાની ઓળખાણ કરાવી. અંકલે ખૂબ પ્રેમથી એની સારવાર શરૂ કરી.




જીમ્મી ત્યાં ઉભેલા બધા સાથે હસીને વાતો કરતી હતી. ટીયાનાનાની નજર જીમ્મીની નંબર પ્લેટ પર ગઈ. એના પર લખ્યું હતું,..


**'અથડામણ ટાળો - કોમનસેન્સ વધારો'**

આ વાંચીને ટીયાનાને પ્રશ્ન થયો, ‘અથડામણ ટાળવાથી કોમનસેન્સ કેવી રીતે વધતી હશે ?’ પણ એને તરત ખ્યાલ આવ્યો કે કોઈનાથી શાંત ન પડનારો વુબહર્ટ જીમ્મીની વાતથી તરત જ કેવો શાંત પડી ગયો.


એને પોતાના જીવનના પહેલાના તોફાનના પ્રસંગો યાદ આવી ગયા.


P
SERVICE

એને સમજાયું, ‘હા રે, પહેલા જીમ્મી પણ કેટલી અકળાઈ જતી અને લઢવાઢ કરી મૂકતી હતી. પણ આજે એ કેટલી બદલાઈ ગઈ છે ! કોઈ પણ સંજોગોમાં અથડામણ ટાળી આનંદમાં રહેવાનું એને કેવું સૂઝે છે !’





ત્યાં તો હેનરીએ એને ઢંઢોળી,




એમ કહી એ જીમ્મીની નંબર પ્લેટ તરફ
આંગળી કરી હસી.

અંકલ હેનરી સમજી ગયા. એમણે ટીયાનાને થાબડતા કહ્યું, ‘‘જાગ્યા ત્યારથી સવાર. ‘અથડામણ ટાળો’ એ ખરેખર સુખી જીવનની ચાવી છે.’’






અને ટીયાનાએ હસતા હસતા નવા જીવનની શરુઆત કરી.

# બુક – ૨

# 'કાર'ટૂન વાર્તાઓ

